ઉર્જા સંરક્ષણ અંગે ચિત્રકલા
સ્પર્ધાનું આયોજન કરવા બાબત

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/ચિત્રકલા/૨૦૧૮/4376-4463
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૨/૦૮/૨૦૧૮

વંચાણે લીધા:- પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લીમીટેડ, દહેગામના પત્ર REF/WR-II /DEH/Painting18 Date- 02/08/2018

*પરિપત્ર:-*

આમુખ-૧ મુજબ ઉર્જા કાર્યક્ષમતા બ્યુરો ઉર્જા મંત્રાલય, ભારત સરકાર દ્વારા દર વર્ષે ધોરણ-4, 5, 6 (કેટેગરી-A) અને ધોરણ-7, 8, 9 (કેટેગરી-B) ની શાળાના બાળકો માટે ઉર્જા સંરક્ષણ પર ચિત્રકલા સ્પર્ધાનું આયોજન થાય છે. ઉર્જા મંત્રાલય ભારત સરકાર દ્વારા પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લિમિટેડ. દહેગામને ગુજરાત રાજયમાં પેઇન્ટીંગ સ્પર્ધાના આયોજન માટે જવાબદારી સોપવામાં આવી છે.

ચિત્ર સ્પર્ધાની વિશેષતાઓ તથા અન્ય વિગતો નીચે પ્રમાણે છે.

1. કેટેગરી-A કેટેગરી B માટે શાળા સ્તર માટેની પેઇન્ટીંગ સ્પર્ધાના વિષયો/થીમ નીચે પ્રમાણે છે.

<u>કેટેગરી - A (ધોરણ - 4, 5, 6)</u>

Energy is life, Conserve it./ઉર્જા જીવન હૈ, સંરક્ષણ કરે.

Saving Energy, a Bright idea./ઉર્જા બચત, એક ઉચિત વિચાર.

Saving Energy for sustainable life/ઉર્જા બચત, જીવન સતત.

<u>કેટેગરી - B (ધોરણ - 7, 8, 9)</u>

Save energy for Others/ઉર્જા બચાએ, તાકી અધિક ઘર રોશન હો પાયે.

Conserve energy, save nation/ઉર્જા કી સંરક્ષા, દેશ કી સુરક્ષા.

Wind, Water, Sun, Energy for long run/સુર્ય, હવા ઔર પાની, નહી ઉર્જા સંસાધન મે ઈસકા સાની.

2: શાળા કક્ષાએ ચિત્રકલા સ્પર્ધાના આયોજન વખતે ધ્યાનમાં લેવાની બાબત નીચે જણાવેલ છે.

શાળા આચાર્ય દ્વારા ધોરણ - 4, 5, 6 (કેટેગરી-A) અને ધોરણ - 7, 8, 9 (કેટેગરી-B) ના વિદ્યાર્થીઓ માટે ચિત્રકલા સ્પર્ધાનું આયોજન ઉપરોકત વિષય પ્રમાણે કરાવવાનું રહેશે. જેનો સમય બે કલાકનો રહેશે. શાળા આચાર્ય દ્વારા પ્રત્યેક કેટેગરીની ફકત પ્રથમ બે શ્રેષ્ઠ ચિત્રો તેમજ દરેક કેટેગરી અને ધોરણ પ્રમાણે ભાગ લેનાર કુલ વિદ્યાર્થીઓની સંખ્યા નીચે દર્શાવેલ ગુજરાત

રાજયના નોડલ અધિકારીના સરનામે આ કચેરીની જાણ હેઠળ તા. ૦૯ મી ઓકટોબર, ૨૦૧૮ સુધી મોકલવાની રહેશે.

Shri. S. H. Vani,
Manager,
400/220k V Sub-Station, Power Grid Corporation of India Ltd,
P.O. Box No-9, Dehgam - 382305 Dist : Gandhinagar ( Guj.)
Mob. 90999 76001, email : paintingbeegujarat@gmail.com

આ ચિત્રકલા સ્પર્ધામાં ચિત્ર દોરવા માટે વિદ્યાર્થીઓ A-4 સાઇઝ ના પેપરની પ્રથમ પસંદગી કરે તે જોવાનુ રહેશે. વિદ્યાર્થીઓએ ચિત્રકલા સ્પર્ધામાં પેન્સિલ, ક્રેયોન, કલર, વોટર કલરનો ઉપયોગ કરવાનો રહેશે. " પેચવર્ક " અથવા " કોલેજ" નો ઉપયોગ કરી શકાશે નહી

કેટેગરી - A અને કેટેગરી - B માં છેલ્લા બે વર્ષ (2016 અને 2017)માં રાજ્ય કક્ષાએ પ્રથમ આવેલ ત્રણ વિદ્યાર્થીઓ આ વર્ષે ભાગ નહી લઇ શકે, માત્ર સાંત્વના પુરસ્કાર મળેલ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. પણ એ વિદ્યાર્થીઓ ફક્ત પ્રથમ ત્રણ પુરસ્કાર માટે જ પાત્રતા ધરાવશે. પણ તેમને ફરીથી આ વર્ષે સાત્વના ઇનામ માટે પસંદગી કરવામાં આવશે નહી.

શાળા કક્ષાએ પસંદ થયેલ કેટેગરી - A અને કેટેગરી - B ના બે ચિત્રોની પાછળ નીચેની વિગતો આપવાની રહેશે.

| | |
|---|---|
| 1 | વિદ્યાર્થીનું નામ |
| 2 | માતા/પિતાનું નામ |
| 3 | માતા/પિતાનો ફોન નંબર/મોબાઈલ નં- |
| 4 | વિદ્યાર્થી/માતા-પિતા/શાળાનો ઇ- મેલ આઇ ડી |
| 5 | ધોરણ/વર્ગ |
| 6 | રોલ નંબર |
| 7 | કેટેગરી – A અથવા B |
| 8 | ગ્રામીણ વિસ્તારની સરકારી શાળા:- હા કે ના |
| 9 | શાળાનું નામ સરનામું |
| 10 | શાળાનો ફોન નંબર/આચાર્યનો મોબાઈલ નં- |
| 11 | શાળાના આચાર્યશ્રીનો સહી સિકકો |
| 12 | રાજય |

શાળાના પ્રાચાર્યશ્રીઓ નીચે ટેબલ મુજબની માહિતી પસંદ કરેલ ચિત્રોની સાથે મોકલવાની રહેશે.

| | | |
|---|---|---|
| શાળાનુ નામ અને સરનામું | | |
| શાળાનું સ્થળ | ગ્રામ્ય/શહેર | |
| ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | કેટેગરી – A | કેટેગરી - B |
| | | |
| ફીડબેક | | |

3. રાજય કક્ષાની ચિત્રકલા સ્પર્ધા :

ગુજરાતની વિવિધ શાળાઓ પાસેથી મળેલ કેટેગરી – A અને B ના ચિત્રોની રાજય કક્ષાના નિષ્ણાતની એક સમિતિ દ્વારા ચકાસણી કરવામાં આવશે અને તેમાંથી બન્ને કેટેગરી ના 50 શ્રેષ્ઠ ચિત્રો પસંદ કરવામાં આવશે. પસંદિત વિદ્યાર્થીઓ ની " ઓન ધ સ્પોટ " ચિત્રકલા સ્પર્ધા રાખવામાં આવશે. અને તે પ્રમાણેના ઇનામ આપવામાં આવશે. (સ્પર્ધા તથા ઈનામ વિતરણની તારીખની જાણકારી ફોન/ઈ-મેઈલ/ટપાલ દ્વારા આપવામાં આવશે.)

કેટેગરી – A ના રાજય કક્ષાએ પસંદગી પામેલા વિદ્યાર્થીઓને તેમની સાથે બે વાલીઓને ચિત્રકલા સ્પર્ધામાં આવવા – જવાનું નિયમ મુજબનું ભાડુ તેમજ રૂ. 2000/- રોકડા આપવામાં આવશે. જયારે કેટેગરી- B માં પસંદ થયેલ વિદ્યાર્થી સાથે ફકત એક જ વાલીને લાવી શકાશે.

| | | | |
|---|---|---|---|
| પ્રથમ ઇનામ | રૂ. 20,000/- | ત્રીજુ ઇનામ | રૂ. 10,000/- |
| બીજુ ઇનામ | રૂ. 15,000/- | સાંત્વના ઇનામ (10 વિદ્યાર્થીઓને) | રૂ 5,000/- ( પ્રત્યેક વિદ્યાર્થીઓને) |

4. રાષ્ટ્રીય કક્ષાની ચિત્રકલા સ્પર્ધા :-

| કેટેગરી – A (ધોરણ - 4, 5, અને 6) | | કેટેગરી – B (ધોરણ – 7, 8, અને 9) | |
|---|---|---|---|
| પ્રથમ ઇનામ | રૂ 1,00,000/- (ઇનામની સંખ્યા-1) | પ્રથમ ઇનામ | રૂ 1,00,000/- (ઇનામની સંખ્યા-1) |
| બીજુ ઇનામ | રૂ 50,000/- (ઇનામની સંખ્યા-4) | બીજુ ઇનામ | રૂ 50,000/- (ઇનામની સંખ્યા-2) |
| ત્રીજુ ઇનામ | રૂ 25,000/- (ઇનામની સંખ્યા-8) | ત્રીજુ ઇનામ | રૂ 25,000/- (ઇનામની સંખ્યા-3) |
| પ્રોત્સાહન ઇનામ | રૂ 10,000/- (ઇનામની સંખ્યા-10) | પ્રોત્સાહન ઇનામ | રૂ 10,000/- (ઇનામની સંખ્યા-6) |
| બી.ઇ.ઇ.ના દરેકને | રૂ.10,000/- (ઇનામની સંખ્યા-10) | - | - |

કેટેગરી –A અને કેટેગરી- B ના રાજય કક્ષાના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને તેમના બે વાલી (કેટેગરી-A માટે), અને એક વાલી (કેટેગરી-B માટે) સાથે રાષ્ટ્રીય સ્તરની ચિત્રકલા સ્પર્ધા માટે નવી દિલ્હી બોલાવવામાં આવશે અને ત્યાં તેમને આપેલ વિષય/થીમ પ્રમાણે " ઓન ધ સ્પોટ " ચિત્ર દોરવાનું રહેશે. બન્ને કેટેગરી ના પુરસ્કારો ઉર્જા સંરક્ષણ દિવસે તા. 14/12/2018 ના રોજ આપવામાં આવશે.

જે જિલ્લામાંથી વધુ પ્રમાણમાં પ્રતિસાદ મળશે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને રાજ્યકક્ષાના ચિત્રકલા સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહના દિવસે સન્માનિત

કરવા હેતુ નોડલ એજન્સી તરફથી આમંત્રિત કરવામાં આવશે. (ઈનામ વિતરણની તારીખની જાણ ફોન/ઈ-મેઈલ/ટપાલ દ્વારા આપવામાં આવશે)

વધુમાં, આપના હસ્તકની શાળાઓમાં આ સ્પર્ધાના આયોજન માટે કેળવણી નિરીક્ષક, બી.આર.સી.કો. ઓર્ડીનેટર, સી.આર.સી.કો. ઓર્ડીનેટરને આપની કક્ષાએથી સુચના આપવા આથી જણાવવામાં આવે છે.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર.

પ્રતિ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

નકલ રવાના જાણ સારૂ
- **અગ્ર સચિવશ્રી શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગર**
- **સચિવશ્રી શિક્ષણ વિભાગ (પ્રાથમિક) સચિવાલય ગાંધીનગર**
- Shri. S. H. Vani, Manager,
400/220k V Sub-Station, Power Grid Corporation of India Ltd,
P.O. Box No-9, Dehgam - 382305 Dist : Gandhinagar ( Guj,)

ક્રમાંક /મા.શિ.૩/૪૫૭૪૨-૪૬૨૪૧
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ ૦૬-૦૮-૨૦૧૫

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી/નોનગ્રાન્ટેડ
શાળાઓ તમામ,
બ.કાં